
# મોડાસાની તિરૂપતિ સોસાયટીમાં વાંદરાનો આતંક

## મોડાસામાં મહેમાન બનીને આવેલા આફ્રિકાના ભૂલકા સહિત અન્ય બે ને કરડયો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી તિરૂપતિ સોસાયટીમાં એક વાંદરાએ આતંક મચાવી એક જ દિવસમાં સોસાયટીના રહીશોને કરડતા આતંક ફેલાયો છે.



તિરૂપતિ સોસાયટીના રહીશો વાંદરાના આતંકથી ગભરાઈને ઘરમાં પુરાઈ રહ્યા છે. સોસાયટીના રહીશોએ નગરપાલિકા તંત્ર કે વનવિભાગ તંત્ર દ્વારા વાંદરાઓની ટોળકીને પકડીને જંગલમાં છોડી આવવાની ઉગ્ર માંગ ઉઠી છે.

મોડાસા શહેરના પોશ વિસ્તાર એવા માલપુર રોડ પર આવેલી બાલાજી કોમ્પ્લેક્ષ પાછળ તિરૂપતિ સોસાયટીમાં એક વાંદરો ભુરાટો બનતાં એક જ દિવસમાં ત્રણ લોકોને શરીરે બચકા ભરી આતંક મચાવતા સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસાના અને તિરૂપતિ સોસાયટીના રહીશ સુનિલભાઈ બ્રહ્મભટ્ટના ત્યાં સાઉથ આફ્રિકાના બોત્સાનીયામાં રહેતા તેમનો ભાણિયો આરુષ બ્રહ્મભટ્ટ મહેમાન તરીકે વકેશનમાં આવ્યો છે અને ઘરની બહાર હીંચકામાં બેઠો હતો ત્યારે એકાએક આક્રમક બનેલો વાંદરો ત્રાટકી તેને બચકા ભરતા ડાબા પગે બંને બાજુએથી માંસના લોચા બહાર નિકળી ગયા હતા. એકાએક વાંદરાના થયેલા હુમલાથી ગભરાયેલા બાળકે બુમાબુમ કરી મુકતા ઘરમાંથી લોકો દોડી આવ્યા હતા અને બાળકને તાબડતોબ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાળકના પગે ગંભીર ઈજાઓ પહોંચતા ૩-૩- ટાંકા લઈ હડકવા વિરોધી રસી આપી હતી આજ વાંદરાએ અન્ય બે લોકોને પણ બચકા ભરતા સોસાયટીના રહીશોમાં અફડાતફડી મચી ગઈ હતી.



તીરૂપતિ સોસાયટીના રહીશોએ જણાવ્યું હતું કે બાજુમાં આઈટીઆઈ આવેલી છે અને તેના મેદાનમાં મોટા મોટા વૃક્ષો આવેલા હોવાથી વાંદરાઓના ટોળેટોળા અહીં વસવાટ કરે છે. તે ઘણી વાર તોફાન મચાવી બાઈક-કારના તેમજ ઘરના બારી બારણા કાચ તોડી નાંખી આતંક મચાવતા રહે છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી વાંદરાને હડકવાની અસર થઈ હોય તેમ માણસો પર હુમલો કરતા સોસાયટીમાં ભય ફેલાયો છે. ત્યારે નગરપાલિકા તંત્ર કે



વનવિભાગ દ્વારા સીસી ટીવીમાં કેદ થયેલા વાનરને ઝડપી પાડી જંગલમાં છોડી આવવાની ઉગ્ર માંગ કરી હતી.

## ધનસુરા બાર એસોસિએશનના હોદ્દેદારો વરાયા

ધનસુરા, તા.૧૬

ધનસુરા બાર એસોસિએશનની બેઠક તાજેતરમાં પ્રમુખ ભીખાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ના હોદ્દેદારોની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી હતી.

આ બેઠકમાં નવીન હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે લક્ષ્મણસિંહ ઠાકોર, ઉપપ્રમુખ તરીકે બાબુલાલ પટેલ, સેક્રેટરી તરીકે નરસિંહભાઈ પટેલ, ખજાનચી તરીકે મયુરીબેન ભટ્ટ અને જોઈન્ટ ખજાનચી તરીકે દેવેન્દ્રકુમાર પટેલ તેમજ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી અને સર્વે સભ્યોએ નવા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

## શિહોરીમાં લોક દરબાર કાર્યક્રમ યોજાયો

શિહોરી, તા. ૧૬

કાંકરેજના મુખ્ય મથક શિહોરી સ્થિત શિહોરી પોલીસ સ્ટેશનમાં સ્થાનિકોના પ્રશ્નોને લઈ બનાસકાંઠા જિલ્લા પોલિસ વડા નિરજ બડગુર્જરના અધ્યક્ષ સ્થાને લોક દરબાર યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં વેપારીઓ અને સ્થાનિકો હાજર રહ્યા હતા.

આ લોક દરબાર કાર્યક્રમમાં શિહોરી વિસ્તારમાં ટ્રાફીક પોઈન્ટ મુકવા ખીમાણામાં આઉટ પોસ્ટ ચોકી મુકવા વિવિધ વણ ઉકેલાયેલા ગુનાનો નિકાલ લાવવા સહિતના અનેક પ્રજાના પ્રશ્નોની જિલ્લા પોલિસ વડા સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જયારે જિલ્લા પોલિસ વડાએ પણ તુરંત જ પ્રશ્નોનું સમાધાન લાવવા બાંહેધરી આપી હતી. કાર્યક્રમમાંભારતસિંહ ભટેસરીયા, અણદુભા ડાભી, ઈશ્વરભાઈ પટેલ, અશ્વીનભાઈ શાહ, મફાજી સોલંકી, વિષ્ણુભા વાઘેલા તેમજ જેબી વનાર, પી.એસ. રાઠોડ વગેરે હાજર રહ્યા હતાં.

# ઝીઝણાટ ગામે કાચા મકાનમાં આગ લાગતા ૧૫ બકરા અને ૨૦ મરઘા ખાખ

હિંમતનગર, તા. ૧૬

પોશીના તાલુકા રાજસ્થાન સરહદે અડીને આવેલા ઝીઝણાટ ગામે બે દિવસ અગાઉ રાત્રે અચાનક એક કાચા મકાનમાં સળગતા દીવાને કારણે આગ લાગતા તેમાં ૧૫ બકરા, ૨૦ મરઘા તથા ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ઉંડાણના વિસ્તારમાં ઓવલા આ ગામની ઘટના અંગે સરપંચને ખબર પડતા તેમણે વહીવટી તંત્રને જાણ કરી હતી. જેથી ગુરૂવારે તાલુકા વિકાસ અધિકારી, પશુ ચિકિત્સક, તલાટી, નાયબ મામલતદાર સહિતની ટીમે ૪ કિ.મી. ચાલીને અસરગ્રસ્ત પરિવારને મદદ કરી હતી.

આ અંગે તાલુકા વિકાસ અધિકારી વી.એમ. વાઘડીયા, નાયબ મામલતદાર એસ.સી. ગોતિયા, પશુ ચિકિત્સક ડૉ. જી.આર. વગાસીયા, ડૉ. પી.કે. પટેલ, તલાટી હેમંતભાઈ જોષીના જણાવ્યા મુજબ રાજસ્થાન સરહદને અડીને આવેલા ઝીઝણાટ ગામના કમદીફળોમાં રહેતા ધીરાભાઈ રૂપાભાઈ બુબડીયા આઠ સભ્યોના પરિવાર સાથે જંગલ વિસ્તારમાં રહે છે. જ્યાં તેઓએ નવુ મકાન બનાવ્યુ હતું. પરંતુ તેનુ કામ અધુરૂ હોવાથી તેઓ પરિવાર સાથે તા. ૧૩ એપ્રિલના રોજ રાત્રે ઘરની બહાર સુઈ રહ્યા હતા.

બીજી તરફ કાચા મકાનની છત પ્લાસ્ટિક અને ખજુરીના પાનથી ઢાંકેલી હતી. દરમિયાન ૧૩ એપ્રિલની રાત્રે આ મકાનમાં ૧૮ બકરા, ૨૦ મરઘા તથા એક બળદ બાંધેલો હતો. જ્યં દીવો સળગતો હતો. પરંતુ પવન આવતા દીવાની જ્યોતથી પ્લાસ્ટિક સળગી ઉઠ્યુહતુ. જેથી મકાનમાં આગ લાગતા ૧૫ બકરા અને ૨૦ મરઘા તથા ઘરવખરી આગમાં હોમાઈ ગઈ હતી. જોકે પરિવારજનોએ ત્રણ બકરા અને એક બળદને મહામુસીબતે બચાવી લાધા હતા.

ઉલ્લેખનીય છે કે ઝીઝણાટ ગામના કુમદીફળોમાં જવા માટે મુખ્ય રોડથી ૪ કિ.મી. ડુંગરોમાં ચાલીને જવું પડે છે. ગામમાં બનેલી ઘટના અંગે ધીરાભાઈ બુબડીયાએ તા. ૧૪ એપ્રિલે સરપંચ આશાબેન ગમારને જાણ કરી હતી. તેથી તેમણે મોડી સાંજે પોશીનાના વહીવટીતંત્રને ઘટનાથી વાકેફ કર્યા હતા.

બીજી તરફ તંત્રના અધિકારીઓએ શુક્રવારે સવારે ૪ કિ.મી. ચાલતા જઈને ધીરાભાઈ બુબડીયાના ઘરની મુલાકાત લીધી હતી અને પરિવારને પંદર દિવસનું રાશન આપવામાં આવ્યુ હતુ. તાલુકા વિકાસ અધિકારીના જણાવ્યા મુજબ આ પરિવારને સરકાર દ્વારા મળતી તમામ સહાય ઝડપથી આપવામાં આવશે.

### બકરાને બચાવવા જતાં મહિલા દાઝી ગયા

ઝીઝણાટ ગામે રહેતા ધીરાભાઈ બુબડીયા મકાનમાં લાગેલી આગને કારણે પશુઓ સળગી રહ્યા હતા ત્યારે તેમના પત્નિ જીજાબેન તથા પરિવારે હિંમત કરીને ત્રણ બકરા અને બળદને બચાવી લીધા હતા. પરંતુ તેના કારણે જીજાબેન હાથે અને મોઢાના ભાગે દાઝી ગયા હતા.

### બચી ગયેલા ત્રણ બકરાએ રોશની ગુમાવી

કાચા મકાનમાં લાગેલી આગને કારણે તેની જ્વાળાઓથી બચી ગયેલા ત્રણ બકરાઓ અંધ થઈ ગયા હતા. જેથી પશુ ચિકિત્સકો દ્વારા ત્રણેય બકરાઓને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી.



પાલનપુરમાં રામનવમી ઉત્સવ સમિતિ દ્વારા શહેરના રામજી મંદિર ખાતે રામનવમી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં ભકતજનોએ ઉપસ્થિત રહી મહાઆરતી તેમજ પ્રસાદનો લાભ લઈ ભગવાન શ્રીરામના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રામનવમી પર્વે વિશાળ શોભાયાત્રા પણ રાજમાર્ગો પર ફરી નિજ મંદિરે પરત ફરી હતી.

## સાબરકાંઠા જિલ્લાના ૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોબાઈલવાન ફાળવવામાં આવી

સાબરકાંઠા જિલ્લામાં સંકલિત આદિવાસી વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત આદિવાસી વસ્તી ધરાવતા ખેડબ્રહ્મા, પોશીના તાલુકામાં આવેલા સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોબાઈલવાનની ફાળવણી કરવામાં આવી છે. જેના કારણે આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થશે.

એપેડેમિક ઈન્ચાર્જ ડૉ. અરૂણસિંહ ભાટીએ એક વાતચીતમાં જણાવ્યું હતું કે આરોગ્ય સુખાકારીમાં વધારો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સંકલિત આદિવાસી વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬માં ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના ઉંચીધનાલ, દેરોલ, અજાવાસ, દેલવાડા, કોટડા, લાંબડીયા અને દેમતી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે કૃષિ, સહકાર મંત્રી બાબુભાઈ બોખીરીયાના હસ્તે મોબાઈલવાન ડિસ્પેન્સરી વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## પ્રાંતિજના સોનાસણ ગામે શોર્ટસર્કિટ થતા પાંચ મકાનો આગમાં લપેટાયા

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે શોર્ટસર્કિટના કારણે એક મકાનમાં આગ લાગી હતી. જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પાસે આવેલ અન્ય ચાર મકાનમાં પણ આગ પકડાતા ભાગદોડ મચી જવા પામી હતી અને ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી.

પ્રાંતિજના સોનાસણ ગામે વણકર ફળીયામાં રહેતા પ્રહલાદભાઈ શિવાભાઈ વણકર, કનુભાઈ શીવાભાઈ વણકર, સુરેશભાઈ શીવાભાઈ વણકર, કેશાભાઈ શીવાભાઈ વણકર તથા રાજુભાઈ શીવાભાઈ વણકર પાંચેય ભાઈઓના મકાનો પાસે-પાસે આવેલા છે. જેમાં રાત્રીના સમયે અચાનક શોર્ટ સર્કિટના કારણે પ્રહલાદભાઈ શિવાભાઈ વણકરના મકાનમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પાસે આવેલ બીજા ચાર ભાઈઓના મકાનમાં પણ આગ લાગી હતી. જ્યારે આગના સમાચાર મળતા જ પ્રાંતિજ ફાયર ફાયટર અને



હિંમતનગર તથા તલોદ ફાયટર ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગને કાબુમાં લીધી હતી. જ્યારે પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા તથા પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા જ્યારે આગમાં પાંચેય મકાનોમાં રહેલ ઘરવખરી સહિતનો સામાન સહિત છતના દોરીયા પતરા બારી બારણા બળીને ખાખ થઈ ગયા હતા. આ પાંચેય પરિવાર ઉપર અગ્નિ આભ ફાટતા આ પરિવારો હાલ તો નિસહાય બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા આ પરિવારોને સહાય મળે તે જરૂરી છે.



## આતરસુબામાં ચૂંટણીની અદાવત રાખી ધમકી આપતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૬

વિજયનગર તાલુકાના આતરસુબા આશ્રમ ખાતે આવેલ એપીએમસી માર્કેટમાં ગત તા. ૧૧ એપ્રિલના રોજ બાબુભાઈ સોમાભાઈ પટેલને તુ શુ કામ ચૂંટણીમાં ફોર્મ ભર્યુ છે તેમ કહી વિજયનગરના અરવિંદભાઈ મણીલાલ પટેલ અને કોડીયાવાડાના રમેશભાઈ લાલજીભાઈ પટેલે અપશબ્દો બોલી માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની કોશિષ કરી હતી. જેથી બાબુભાઈ પટેલે બંને જણા વિરૂદ્ધ ગુરૂવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઈડરમાંથી બાઈક ચોરાયુ

હિંમતનગર, તા. ૧૬

ઈડરના સ્વાગત બંગ્લોઝ લાલોડા રોડ પર આવેલ મકાન નં. ૪૬માં રહેતા કૌશિકકુમાર બાબુલાલ શાહનું ગત તા. ૧૧ એપ્રિલે અજાણ્યો શખ્સ બાઈક નં. જીજે.૯.એજે.૯૨૭૩ની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા કૌશિકકુમાર શાહે ગુરૂવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં ગામ ઉદયથી ભારત ઉદય અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૧૬

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાની આદર્શ પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાન અંતર્ગત આંબેડકર જયંતિ નિમિત્તે કલોલ સી.આર.સી. પ્રકાશભાઈ દ્વારા બાળકોને બાબા સાહેબ આંબેડકરનું જીવન ચરિત્ર અને તેમના દેશ માટેના યોગદાનથી બાળકોને માહીતગાર કર્યા હતા અને ભારતના બંધારણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# પુંસરી ગામની અનોખી બેંક એટલે અસ્થિ બેંક

મોડાસા, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામના અંતિમ ધામમાં અનન્ય ઉમદા ભાવનાથી પ્રસ્થાપિત કરવામાં આવેલ અનોખી બેંક એટલે અસ્થી બેંક. આ અનોખા સેવાયજ્ઞ ચલાવતી અસ્થીબેંકને ૧૦ વર્ષ પૂર્ણ થવાની સાથે અત્યાર સુધી ૧૦૦૦ મૃતકોના અસ્થિને મફત હરિદ્વાર ખાતે ગંગા નદીની ગોદમાં પધરાવીને સતત ૧૦ વર્ષથી સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના મૃતકોના સ્વજનો માટે આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે. અસ્થી બેંક ચલાવતા નરેન્દ્રકાકા દ્વારા મૃતક સ્વજનના મફત અસ્થી વિસર્જનના બદલામાં ફરજીયાતપણે મૃતક સ્વજનોને ૫ વૃક્ષ વવડાવવાના વચન લેવડાવી સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરવામાં આવે છે.

બેંક એટલે કે બચતના રૂપિયા રાખવાની અને રૂપિયાની લેવડ-દેવડ કરતી સંસ્થાનો વિચાર દરેક પ્રજાજનોની આંખો આગળ તળવળી ઉઠે પંતુ તલોદ તાલુકાના પુંસરી ગામે સ્વજનોના અસ્થિ સલામત સચવાય તેવા ઉમદા હેતુથી ૨૦૦૬માં પુંસરી ગામના અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ દ્વારા અસ્થી બેંક સ્થાપવામાં આવી હતી. પ્રથમ વર્ષે આ અસ્થિ બેંકમાં માત્ર ૯ મૃતકોના અસ્થિ જમા થવા પામ્યા હતા. ક્રમશઃ તેનો પ્રચાર-પ્રસાર થતા દસ વર્ષમાં ૧૦૦૦ અસ્થીઓના વિસર્જન પુરા માન-સન્માન અને શાસ્ત્રોક્ત વિધિથી મફત ગંગા નદીમાં વિસર્જીત કરવામાં આવ્યા છે.

### તલોદ તાલુકા પુંસરી ગામે સતત ૧૦ વર્ષ પૂર્ણ કરતી અસ્થી બેંક : અસ્થી બેંક ચલાવતા નરેન્દ્રકાકા દ્વારા મફત મૃતકના સ્વજનના અસ્થિ ગંગાજળમાં વિસર્જન અસ્થી વિસર્જનના બદલામાં પાંચ વૃક્ષો ફરજીયાત વવડાવી પર્યાવરણનું રક્ષણ

ચાલુ સાલે આજ રોજ અસ્થી બેંક ખોલતા ૧૨૧ અસ્થી મળી આવ્યા છે. જેને ૨૭ એપ્રિલ બુધવારના રોજ ગંગાજી ખાતે વિસર્જીત કરાશે.

નરેન્દ્રભાઈ પટેલના જણાવ્યા અનુસાર મારા માતૃશ્રીનું ૨૦૦૬માં નિધન થતા તેમના અસ્થિઓના વિસર્જન માટે હરિદ્વાર ગંગાનદી ખાતે ગયા હતા ત્યારે થયેલા ખર્ચ બાબતે વિચારતા તેમના મનમાં સેવાયજ્ઞની ભાવનાથી અસ્થિ બેંક સ્થાપવાનો વિચાર આવ્યો હતો. આ અસ્થી બેંકમાં આવે ત્યારે અસ્થી બેંકના રજીસ્ટરમાં નોંધ કરી તેને પેક કરી વર્ષ દરમિયાન સાચવી દર વર્ષે હરિદ્વાર લઈ જઈ વિદ્વાન બ્રાહ્મણ પાસે વિધિ કરાવી તેની અસ્થીનું ગંગા નદીના પવિત્ર જળમાં વિસર્જન વિનામૂલ્ય કરવામાં આવે છે. ત્યાર બાદ તમામ મૃતકોના સ્વજનો ઘરે ગંગાજળ અને પ્રસાદ વિનામૂલ્યે પહોંચાડવામાં આવે છે. તેમજ મૃતકની અંતિમ વિધિમાં અગ્નિસંસ્કારમાં લાકડાના ઉપયોગ થતા પર્યાવરણને નુકશાન થતુ હોવાથી આ નુકશાનની ભરપાઈ મૃતકના સ્વજનોને ફરજીયાતપણે ૫ વૃક્ષો વાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. આ રીતે અસ્થિબેંકની સાથે સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરવામાં આવે છે.